# તમારો નીકળવા માટે તૈયાર રાખો થેલો

**સ્થળાંતર માટેનો થેલો કેવી રીતે તૈયાર કરવો**

હોક્સબરી-નેપિયન ખીણમાં પૂરનું ઊંડાણ અને જોખમને કારણે, જ્યારે ખાલી કરવાની કટોકટીની ચેતવણી આપવામાં આવે ત્યારે તમારી પાસે તૈયાર થવા અને નીકળવા માટે ઘણો સમય ન હોય તેવું બની શકે છે.

## તમારે આવા થેલાની જરૂર કેમ છે

- હોક્સબરી-નેપિયન ખીણમાં આવેલા નોંધપાત્ર પૂરને કારણે લોકોના ઘરોને નુકશાન થશે. તેનાથી આવશ્યક સેવાઓ જેવી કે પાણી, વીજળી, ગેસ, રસ્તા અને રેલવે લાઇનો પણ ગંભીર રીતે ખોરવાશે.
- પૂરથી તમારી મિલકતને અસર થઇ શકે છે, તેની તમને જાણ થાય ત્યાં સુધીમાં ઘણો ઓછો સમય રહ્યો હોય તેવું બની શકે. પૂર (અથવા અન્ય કોઇ કુદરતી આફત) સામે તૈયાર થવા માટેનું એક મહત્વનું પગલું નીકળવા માટેનો થેલો તૈયાર કરવાનું છે.
- થેલામાં તમને સ્થળાંતર દરમ્યાન અને સ્થળાંતર કર્યા પછી તરત જ શેની જરૂર પડશે તે હોવું જોઇએ, પછી ભલે તમે તમારા પરિવાર અને મિત્રો અથવા સ્થળાંતર કેન્દ્રમાં જઇ રહ્યા હોવ.

## હવે શું કરવું

- મુખ્ય નોંધપોથીઓ અને દસ્તાવેજો (વીમા, ઓળખપત્રો, પોસપોર્ટ વગેરે) ક્યાં તો સ્કેન કરો, ફોટા પાડી લો અથવા ક્લાઉડ પર અપલોડ કરો
- તમારાં મોબાઇલ ફોનમાં મુખ્ય સંપર્ક માહિતી લખી લો (દા.ત. ડૉક્ટર, વીજળી અને પાણીનાં જોડાણ-પૂરવઠા કંપનીઓ વગેરે)
- દવા ચિઠ્ઠીઓના ફોટા પાડી લો અથવા સ્કેન કરો
- તમારાં ઘર અને ઘરવખરીનું વીમા પોલિસી કવર તપાસો

## તમે તમારાં થેલામાં અગાઉથી શું મુકી શકો છો

- વધારાનાં સેલ સાથે લઇને ફરી શકાય તેવો રેડિયો
- વધારાનાં સેલ સાથે બેટરી
- પ્રાથમિક સારવાર પેટી (તમારા ઘરનાં લોકો માટે જરૂરી પૂરવઠા સાથે)
- મીણબત્તીઓ અને વોટરપ્રૂફ માચિસો
- વ્યક્તિગત સ્વચ્છતા પૂરવઠો
- મહત્વના દસ્તાવેજો (દા.ત. પાસપોર્ટ અથવા વીમો) અને કિંમતી વસ્તુઓ (ફોટા, ઘરેણાં વગેરે) માટે વોટરપ્રૂફ થેલી

## જ્યારે તમે નીકળી રહ્યા હોવ ત્યારે તમારા નીકળવા માટે તૈયાર રાખો થેલામાં શું ઉમેરવું

- કેટલાંક રમકડાં અથવા પારિવારિક રમતો
- જરૂરી દવાઓનો સારો એવો પૂરવઠો
- બાળકો, વિકલાંગો, અશક્ત અને/અથવા વૃદ્ધો માટે કોઇ પણ વિશેષ જરૂરિયાતો અને પુરવઠો
- તાજો ખોરાક અને પીવાનું પાણી
- ઘરના તમામ સભ્યો માટે યોગ્ય કપડાં અને પગરખાંની એકથી વધુ જોડ
- મોબાઇલ ફોન અને ચાર્જર



## પાળતું અને અન્ય પ્રાણીઓ માટે તમારે એક અલગ થેલાની જરૂર છે:

બાંધેલા રાખીને પરિવહન, ખોરાક, પાણી, શૌચ, દવાઓ, પ્રાથમિક સારવાર, આવાસ અને પથારીનો વિચાર કરો:

- દરેક પ્રાણી માટે પાંજરાં અથવા પાલતું પ્રાણી લઇ જવાનાં સાધનો; અથવા
- પ્રાણીઓને મોઢે બંધાતી જાળી અને દોરી; અથવા દરેક પ્રાણી માટે દોરડું અને માથાનો કોલર
- દરેક પ્રાણીઓ માટે ૩-૭ દિવસનો ખોરાક અને પાણી તથા પ્રાથમિક સારવારની વસ્તુઓ
- ખવડાવવા માટે વાડકા અથવા ડોલ; કેન ખોલવાનું સાધન અને ચમચી
- હુંફાળા ધાબળા, ટુવાલો અથવા પથારીઓ
- પ્રાણીઓની દવાઓ અથવા પ્રાથમિક સારવારની વસ્તુઓ
- તમારા પાલતું પ્રાણીના રસીકરણ પ્રમાણપત્રનો ફોટો પાડી લો
- બિલાડીઓ માટે ઘાસનું પાથરણું અને તેની ટ્રે
- કૂતરાઓ માટે મળ ભરવાની થેલીઓ
- પાલતું પ્રાણીઓનાં રમકડાં

## તમારાં થેલાની જાળવણી અને સંગ્રહ કરવો

તમારો થેલો વોટરપ્રૂફ ડબ્બામાં રાખવો જોઇએ અને જ્યાંથી લેવું સલામત હોય તેવા સલામત સ્થળે સંગ્રહિત કરવો જોઇએ.

નિયમિતપણે, તમારો નીકળવા માટે તૈયાર રાખો થેલો તપાસતાં રહો (સેલ અને દવાઓ પર ઉપયોગની તારીખો તપાસવાનું યાદ રાખો) અને જો જરૂર હોય તો વસ્તુઓનો નવો જથ્થો મેળવો.

અને કટોકટી નંબરોની યાદી પણ તમારા ફોન કે ફ્રિજની પાસે રાખો.